અહો દેવના દેવ હો વિશ્વ સ્વામિ, કરૂ સ્તુતિ હું આપની શીશ નામી, દયાળુ પ્રભુ આપદાથી ઉગારો, દીનાનાથ તું એક આધાર અમારો

રાજ્યમાં વધુ ૧૩૦૫૦ નવા કેસ : ગાંધીનગરમાં ૩૧૪ : અમદાવાદમાં ૪૭૫૪

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૫૪ | ૫ મે, ૨૦૨૧, બુધવાર; ચૈત્ર વદ - ૯ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦

# રાહત : દેશમાં કોરોનાના કેસમાં ઘટાડો

**૨૪ કલાકમાં નવા ૩૫૭૨૨૯ કેસ : એક જ દિવસમાં કોરોનાએ ૩૪૪૯ દર્દીનો ભોગ લીધો : દિલ્હી, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, પંજાબ, ઝારખંડ અને ઉત્તર પ્રદેશમાં કોરોનાના કેસમાં સ્થિરતાના સંકેત મળી રહ્યાનો સંયુક્ત સચિવ લવ અગ્રવાલનો દાવો**



નવી દિલ્હી,તા.૪

શું દિલ્હી, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, પંજાબ, ઝારખંડ અને ઉત્તર પ્રદેશમાં કોરોનાના કેસ પોતાના પીક પર પહોંચી ગયા છે? કેન્દ્ર સરકારના આંકડા તો કંઈક એ તરફ જ ઈશારો કરી રહ્યા છે. આ બાજુ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ કોરોનાના કેસ સતત ઘટી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩.૫૭ લાખથી વધુ કેસ નોંધાયા છે. જ્યારે ૩૪૦૦થી વધુ લોકોએ દમ તોડ્યો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૩,૫૭,૨૨૯ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ કેસનો આંકડો ૨,૦૨,૮૨,૮૩૩ થયો છે. જેમાંથી ૧,૬૬,૧૩,૨૯૨ દર્દી રિકવર થઈ ગયા છે. જ્યારે ૩૪,૪૭,૧૩૩ દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ છે. એક જ દિવસમાં કોરોનાએ ૩૪૪૯ દર્દીનો ભોગ લીધો છે. આ સાથે કોરોનાથી દેશમાં કુલ મૃત્યુનો આંકડો ૨,૨૨,૪૦૮ પર પહોંચ્યો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે સોમવારે બહાર પાડેલા આંકડા મુજબ દેશમાં ૩,૬૮,૧૪૭ કેસ નોંધાયા હતા જ્યારે તે અગાઉ રવિવારે સવારે જાહેર કરેલા આંકડા મુજબ એક દિવસમાં ૩,૯૨,૪૮૮ નવા કોરોના કેસ નોંધાયા હતા.

## બિહારમાં ૧૫ મે સુધી લોકડાઉન

પટના, તા. ૪

દેશમાં કોરોના વાયરસની બીજી લહેર હાહાકાર મચાવી રહી છે. જે બંધ થવાનું નામ જ નથી લઈ રહી. જેના કારણે એક બાદ એક રાજ્યોમાં લોકડાઉન લાગુ થઈ રહ્યું છે. ત્યારે આ યાદીમા વધારે એક નામ ઉમેરાયું છે. કોરોના વાયરસના કહેરને ધ્યાને લઈને બિહાર સરકાર દ્વારા પણ ૧૫ મે સુધી લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે આ અંગે જાહેરાત કરતા કહ્યું કે કેબિનેટ પ્રસ્તાવ ઉપર મે આજે રાજ્યમાં લોકડાઉન લાગુ કરવાનો નિર્ણય કર્યો છે. સાથે જ લોકડાઉન અંગેની વિસ્તૃત ગાઈડલાઈન જાહેર કરવાનો આદેશ પણ આપ્યો છે. મુખ્યમંત્રી નીતિશ કુમારે કહ્યું કે કાલે સહયોગી મંત્રીગણ અને પદાધિકારીઓ સાથે ચર્ચા બાદ બિહારમાં અત્યારે ૧૫ મે ૨૦૨૧ સુધી લોકડાઉન લાગુ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ અંગેની ગાઈડલાઈન જલ્દી જાહેર કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે આ પહેલા ઓડિશા અને હરિયાણા સરકાર પણ રાજ્યમાં લોકડાઉન જાહેર કરી ચુકી છે.

## આખરે આઈપીએલને અધવચ્ચેથી સ્થગિત કરાઈ

**કોરોનાનો ચેપ ખેલાડીઓને પણ લાગ્યો : મંગળવારે અમિત મિશ્રા અને ઋદ્ધિમાન સાહાનો રિપોર્ટ પણ પોઝિટિવ આવતા ક્રિકેટ બોર્ડ દ્વારા આ નિર્ણય લેવાયો**

મુંબઈ, તા. ૪

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ આઈપીએલને અધવચ્ચે સસ્પેન્ડ કરવાનો નિર્ણય લીધો છે. કોરોનાના વધતા કેસો અને કેટલાક ખેલાડીઓને પણ તેનો ચેપ લાગી જતાં આઈપીએલની આ સીઝનને સસ્પેન્ડ કરી દેવાનું નક્કી કરાયું છે. ઉલ્લેખનીય છે કે, કોરોનાને કારણે કેટલાક ક્રિકેટરો પણ આઈપીએલમાંથી નીકળી જવાના મૂડમાં હતા, જ્યારે કેટલાકે તો રમવાનું માંડી પણ વાળ્યું હતું

સોમવારે અમદાવાદમાં રમાનારી કોલકાતા નાઈટ રાઈડર્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલોર વચ્ચેની મેચ કોરોનાને કારણે જ કેન્સલ કરી દેવામાં આવી હતી. કોલકાતા નાઈટ રાઈડર્સના ખેલાડી વરુણ ચક્રવર્તી અને બોલર સંદીપ વારિયરને કોરોનાનો ચેપ લાગ્યો હતો. આઈપીએલ ગવર્નિંગ કાઉન્સિલના સભ્યોના જણાવ્યા અનુસાર, મંગળવારે અમિત મિશ્રા અને ઋદ્ધિમાન સાહાનો રિપોર્ટ પણ પોઝિટિવ આવતા આ નિર્ણય લેવાયો હતો. બીસીસીઆઈના અનેક અધિકારીઓ અને ફ્રેન્ચાઈઝીઓએ પણ આ વાતની પુષ્ટિ કરી દીધી છે.

ચેન્નૈ સુપર કિંગ્સના બે સભ્યો બોલિંગ કોચ એલ. બાલાજી અને બસ ક્લીનરનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. સીઈઓ કાશી વિશ્વનાથનનો બીજો રિપોર્ટ સોમવારે સાંજે નેગેટિવ આવ્યો હતો. જોકે, બાલાજી અને બસ ડ્રાઈવરનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

## અમે લોકોને મરતા ન જોઈ શકીએ : દિલ્હી હાઈકોર્ટ

**જો મહારાષ્ટ્રમાં ઓક્સિજનની માગ હાલ ઓછી હોય તો, ત્યાંના થોડા ટેન્કરો દિલ્હીને આપી શકાય : દિલ્હી હાઈકોર્ટ**

નવી દિલ્હી, તા. ૪

રાજધાની દિલ્હીમાંઓક તરફ કરોના વાયરસ કાળો કહેર મચાવી રહ્યો છે, મંગળવારે ફરી અક વખત દિલ્હી હાઈકોર્ટમાં આ મુદ્દે સુનવણી થઈ. દિલ્હી હાઈકોર્ટે ફરી એક વખત ઓક્સિજનની અછતને લઈને કેન્દ્ર સરકારને ફટકાર લગાવી છે. હાઈકોર્ટે આ અંગે ટિપ્પણી કરતા કેન્દ્ર સરકારને કહયું કે દેશમાં જે સ્થિતિ છે તેને જોઈને તમે આંધળા થઈ શકો છો, અમે નહીં. અમે લોકોને મરતા નથી જોઈ શકતા. હાઈકોર્ટે આગળ કહ્યું કે કેન્દ્રએ તો આંખો પર પટ્ટી બાંધી લીધી છે, પરંતુ અમે આવું નહીં કરી શકીએ.

સુનવણી દરમિયાન હાઈકોર્ટમાં આમિકસ ક્યૂરીએ જાણકારી આપી કે દિલ્હીમાં લોકો ઓક્સિજનની અછતના કારણે મરી રહ્યા છે. હાઈકોર્ટે કેન્દ્ર સરકારને કહ્યું કે જો મહારાષ્ટ્રમાં ઓક્સિજનની માંગ અત્યારે ઓછી હોય તો, ત્યાંના થોડા ટેક્રરો દિલ્હીને આપી શકાય. કેન્દ્રએ તેના જવાબમાં જણાવ્યું કે અમે આજે સુપ્રીમ કોર્ટમાં અમારી અનુપાલન રિપોર્ટ દાખલ કરીશું, અમે એ તથ્ય પર નહીં જઈએ કે ૭૦૦ મેટ્રિક ટન ઓક્સિજનની પૂર્તિ કરવી છે કે ગેસના બીજા ક્વોટાને પુરા કરવા છે.હાઈકોર્ટે કેન્દ્ર સરકારને ફટકાર લગાવતા કહ્યું કે સુપ્રીમ કોર્ટે પણ કેન્દ્ર સરકારને ૭૦૦ મેટ્રિક ટન ઓક્સિજન આપવાનું કહ્યું છે, તેવામાં તેને એટલો જથ્થો મળવો જોઈએ.

## કર્ણાટકમાં ઓક્સિજનની અછતથી વધુ ૪નાં મોત

**દેશમાં ઓક્સિજનની અછતથી કપરી સ્થિતિ**

બેંગલોર, તા. ૪

દેશમાં કોરોના વાયરસના કહેર વચ્ચે ઓક્સિજનની અછતથી કપરી સ્થિતિનું નિર્માણ થયું છે. દેશના અનેક એવા રાજ્યો અને વિસ્તારો છે, જ્યાં ઓક્સિજનની અછતના કારણે લોકોના જીવ જઈ રહ્યા છે. સરકાર અને તંત્રની નિષ્ફળતાના કારણે લોકો તડપી તડપીને મરી રહ્યા છે. ઓક્સિજનની અછતના કારણે મોતનો સિલસિલો અટકવાનું નામ જ નથી લઈ રહ્યો. ગઈકાલે કર્ણાટકની હોસ્પિટલમાં ઓક્સિજનની અછતના કારણ ૨૪ લોકોના મોત થયા હતા. ત્યારે આજે વધારે ૪ લોકોના મોતના સમાચાર આવી રહ્યા છે.

હવે આજે કર્ણાટકના યેલાહંકા વિસ્તારમાં આવેલી આરકા હોસ્પિટલમાં ઓક્સિજનની અછતના કારણે બે દર્દીના મોત થયા છે. હોસ્પિટલ પ્રશાસનને સોમવારે રાત્રે લગભગ આઠ વાગ્યે ઓક્સિજન આપવાની માંગ કરી હતી. હોસ્પિટલમાં કુલ ૪૫ કોરોનાના દર્દીઓ દાખલ હતા. હોસ્પિટલના પ્રશાસને ૩૫ ઓક્સિજન સિલિન્ડર રિફિલિંગ માટે મોકલ્યા હતા. જેમાંથી આજે સવારે ચાર વાગ્યા સુધીમાં ૧૫ સિલિન્ડર મળી ગયા, જ્યારે ૨૦ સિલિન્ડર મળવાના બાકી હતા.

## મહારાષ્ટ્રમાં વીજળી પડતાં મહિલા-બાળકી સહિત ૧૧નાં મોત

**મહારાષ્ટ્રમાં કોરોના સાથે કુદરતનો પણ માર**



મુંબઈ, તા. ૪

મહારાષ્ટ્રમાં વિવિધ સ્થળે સાથે વીજળી ત્રાટકતા ૧૧ જણને કાળ ભરખી ગયો હતો. મૃતકમાં મહિલા , બાળકીને સમાવેશ છે.

સાતારાના ખંડાલા તાલુકામાં કવઠે ગામ પાસે બે ખેડૂત શશિકાંત (ઉ.વ.૩૫), ખાશાબા જાધવ (ઉ.વ.૬૦) ઝૂંપડીમાં બેસીને જમતા હતા. ત્યારે ઝૂંપડી પર વીજળી પડી હતી. જેના લીધે ગંભીરપણે દાઝી જતા બંનેના મોત થયા હતા.

બીડના નેકનૂરમાં રાધાબાઈ ખેતરમાં કામ કરતી હતી. વરસાદ પડતા તે સાસૂ સાથે ઘરે જઈ રહી હતી. તે સમયે વીજળી પડતા આઠ મહિનાની સગર્ભા રાધાબાઈનું જગ્યા પર મોત નિપજ્યુ હતુ. જયારે તેની સાસુ જખમી થઈ હતી.

આ ઉપરાંત કેજ તાલુકામાં ખેતરમાં કામ કરતી ગીતાબાઈ (ઉ.વ.૪૫) પર વીજળી ત્રાટકતા તેણે જીવ ગુમાવ્યો હતો. બુલઢાણામાં ખેતરમાં ગયેલા અનંત બોડકે (ઉ.વ.૩૨) પણ વીજળી પડતા મૃત્યુ પામ્યો હતો. પરભણીમાં આવી જ ઘટનામાં ૧૧ અને ૧૪ વર્ષીય બાળકી તથા ગંગાધર હોરગુળે (ઉ.વ.૫૫) મોતના મુખમાં ધકેલાયા ગયા હતા.

## યુપીની પંચાયતની ચૂંટણીમાં ભાજપને ફટકો

**વારાણસી, અયોધ્યા, મથુરામાં સમાજવાદી પાર્ટીનો સપાટો : પંચાયતની ચૂંટણીમાં પણ ભાજપનો પરાજય થયો**

લખનઉ, તા. ૪

ઉત્તર પ્રદેશમાં પંચાયતની ચૂંટણીના પરિણામો સત્તા પક્ષ યોગી આદિત્યનાથ સરકારને મોટો ઝટકો લાગ્યો છે. રાજ્યની ભાજપ સરકારના એજેન્ડામાં સામેલ ત્રણ જિલ્લા વારાણસી, અયોધ્યા અને મથુરામાં સમાજવાદી પાર્ટીએ મોટી જીત મેળવી છે. યોગી સરકારના ચાર વર્ષના કાર્યકાળ દરમિયાન આ ત્રણ જિલ્લાઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. પંચાયત ચૂંટણીના પરિણામો ભાજપ સરકાર માટે એક આંચકો સાબિત થયા છે.

સૌ પ્રથમ જો આપણે વારાણસી પર નજર કરીએ તો વિધાન પરિષદની ચૂંટણી પછી હવે પંચાયતની ચૂંટણીમાં પણ ભાજપનો પરાજય થયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંસદીય ક્ષેત્રમાં જિલ્લા પંચાયતની ૪૦માંથી માત્ર ૮ બેઠકો ભાજપના ખાતામાં આવી છે. જ્યારે સપાના ખાતામાં ૧૪ અને બીએસપીના ખાતામાં ૫ બેઠક આવી છે. અહીં અપના દળ (એસ)ને ૩ બેઠકો મળી, આમ આદમી પાર્ટી અને સુભાસપાને ૧-૧ બેઠક મળી. જ્યારે ૩ અપક્ષ ઉમેદવારો જીત્યા છે. તેવી જ રીતે મથુરા શહેરમાં પણ ભાજપને જોરદાર હારનો સામનો કરવો પડ્યો છે. અહીં માયાવતીની બસપાએ ૧૨ અને ચૌધરી અજિતસિંહના રાષ્ટ્રીય લોક દળે ૯ બેઠકો જીતી છે. ભાજપે ૮ બેઠકો જીતી હતી.




## બંગાળની હિંસા મામલે ટિપ્પણ બદલ કંગનાનું ટ્વિટર એકાઉન્ટ સસ્પેન્ડ

મુંબઈ, તા. ૪

પોતાના નિવેદનોના કારણે અવાર નવાર ચર્ચામાં રહેતી અભિનેત્રી કંગના રનૌતનુ ટ્વિટર એકાઉન્ટ સસ્પેન્ડ કરી દેવાયુ છે. તેના પર ટ્વિટર નિયમોનુ પાલન નહીં કરવાનો આરોપ છે. જણાવી દઈએ કે, કંગનાએ પશ્ચિમ બંગાળ ચૂંટણી બાદ રાજ્યમાં ટીએમસીના કાર્યકરો દ્વારા થઈ રહેલી હિંસા પર ટિપ્પણી કરી હતી.

**ટેલિફોનીક બેસણું**



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી
બળવંતસિંહ કાળુસિંહ ગોલ
તા.30-04-2021 ને શુક્રવારના રોજ દેવલોક પામ્યાં છે.
અને અમારા પરમ પૂજ્ય પિતાશ્રી



સ્વ.બળવંતસિંહ કાળુસિંહ ગોલ સ્વ.તા.30-04-2021
સ્વ.કુબેરસિંહ કાળુસિંહ ગોલ સ્વ.તા.02-05-2021

કુબેરસિંહ કાળુસિંહ ગોલ
(વાવોલ પૂર્વ.સરપંચશ્રી તથા તાલુકા પંચાયત પૂર્વ વિપક્ષ નેતા)
તા.02-05-2021 ને રવિવારના રોજ દેવલોક પામ્યાં છે.
પ્રભુ ને ગમ્યું તે ખરૂ. સદ્ગતના આત્માને પરમાત્મા શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

● ટેલિફોનીક બેસણું ●
તા.0૬-05-2021 ને ગુરૂવારના રોજ સવારે ૮.00 થી ૧૨.00 કલાકે વાવોલ, દરબાર વાસ, પ્રાથમિક શાળા ની સામે, રાખેલ છે.

લિ.
ગોલ કચરાજી કાળુજી (ભાઈશ્રી) (મો.૬૩૫૬૯૦૯૦૧૮)
ગોલ રાહુલસિંહ બળવંતસિંહ (પુત્ર) (મો.૯૨૬૫૭ ૮૫૨૬૪)
ગોલ રવિન્દ્રસિંહ બળવંતસિંહ (પુત્ર) (મો.૯૬૨૪૦ ૦૬૧૧૪)
ગોલ વનરાજસિંહ કુબેરસિંહ (પુત્ર)
ગોલ રાજેન્દ્રસિંહ કુબેરસિંહ (પુત્ર) (મો.૯૭૨૩૧ ૫૩૧૨૪)
ગોલ શૈલેન્દ્રસિંહ કુબેરસિંહ (પુત્ર)
ગોલ જયેન્દ્રસિંહ કુબેરસિંહ (પુત્ર) (મો.૯૫૫૮૯ ૬૩૨૬૪)

**શ્રદ્ધાંજલિ**

પાંચ ગામ લેઉવા પાટીદાર-વાલમ

સારા કર્મની સુવાસ અને સરલતાનો આભાસ સદાય હૃદયમાં રહેશે. દેહ ભલે અદશ્ય થયો હોય, પરંતુ તમારી યાદ સદાય અમારી સાથે રહેશે...



સત્યનિષ્ઠ ગાંધીવાદી
સ્વ. વાલજીભાઈ મનોરભાઈ પટેલ
સ્વર્ગવાસ : ૨/૫/૨૦૨૧, રવિવાર (ઉંમર ૯૫ વર્ષ)
મુ. વાલમ, ઠે. મોટામાઢ, તા.વિસનગર, જી. મહેસાણા (હાલ ગાંધીનગર)
મો. નં. ૯૮૨૪૦ ૪૦૧૫૬

શોકાતુર સ્વજનો
ગં. સ્વ. ઈન્દિરાબેન વાલજીભાઈ પટેલ (પત્ની)
મૈત્રેય વાલજીભાઈ પટેલ (પુત્ર) સંજલા મૈત્રેય પટેલ (પુત્રવધુ)
દિપક વાલજીભાઈ પટેલ (પુત્ર) અંજના દિપક પટેલ (પુત્રવધુ)
આજ દિપક પટેલ (પૌત્ર)
ઉષાબેન પ્રવિણભાઈ અમીન (પુત્રી)
મીનાબેન રમેશભાઈ પટેલ (પુત્રી)

વર્તમાન સંજોગોને ધ્યાનમાં રાખી સદ્ગતના આત્માની શાંતિ માટે સૌ સ્નેહીજનોએ ઘરે બેઠા પ્રભુને પ્રાર્થના કરવા વિનંતી.